| Publication: | Gujarat Pranam | Edition: | Ahmedabad |
| --- | --- | --- | --- |
| Published Date: | 26 Aug 2013 | Page No.: | 2 |
| | | Display: | 1/1 |

આનંદ લડગાંઓનકર અને હેમંત થોરાટ ( થરમેક્સ – બરોડા) ને ક્વીઝના રનર્સ અપ જાહેર કરાયા

# અમદાવાદ માં યોજાયેલી ટાટા ક્રૂસીબલ બિઝનેસ ક્વીઝ ૨૦૧૩ માં ટ્રાઈટન કોમ્યુનિકેશન ના મહેશ માંજાવાલા અને મયુર રાના વિજેતા બન્યા હતા.




અમદાવાદ, ૨૪, ઓગષ્ટ ૨૦૧૩: જ્ઞાનલક્ષી સ્પર્ધા ટાટા ક્રૂસીબલ બિઝનેસ ક્વીઝ ૨૦૧૩ નો આજે અમદાવાદ શહેરનો પ્રાદેશિક રાઉન્ડ યોજાયો હતો, જેમાં જ્ઞાન અને ચાતુર્યનો રોમાંચ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. કેટલાક તેજસ્વી માઈન્ડને સ્પર્ધા પૂરી પાડ્યા પછી ટ્રાઈટન કમ્યુનિકેશન ના મહેશ માંજાવાલા અને મયુર રાના ને સફળ વિજેતા તરીકે જાહેર કરાયા હતા, જે હવે પછી મુંબઈ ખાતે ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૩ ના રોજ યોજાનારી ઝોનલ ફાયનલ્સમાં સામેલ થશે.

આ સ્પર્ધામાં રનર્સઅપ તરીકેનું સ્થાન થરમેક્સ - બરોડા ના આનંદ એસ.લડગાંઓનકર અને હેમંત પી. થોરાટ એ હાંસલ કર્યું હતું.

આ સમારંભના મુખ્ય મહેમાન શ્રી હેમંત કુલકર્ણી એ વિજેતા અને રનર્સઅપ ટીમને અનુક્રમે રૂા.૧,૦૦,૦૦૦ અને રૂા.૫૦,૦૦૦ના ઈનામો એનાયત કર્યા હતા. ટાટા ગ્રૂપ જે હંમેશા સમાજને પરત આપવામાં માને છે તેણે ટાટા ક્રૂસીબલ ક્વીઝમાં સામેલ થનારાં લોકોમાં સખાવતની ભાવના પેદા કરવા માટે દર વર્ષે ઈનામની રકમમાં વધારો કરતી રહે છે, એ મુજબ આ વરસે અગાઉની ઈનામની રકમમાં અનુક્રમે રૂા.૭૫,૦૦૦ અને ૩૫,૦૦૦ની વધારો કરવામાં આવ્યો છે. પ્રાદેશિક વિજેતાઓના ઈનામમાં કરાયેલો અનુક્રમે રૂા.૨૫,૦૦૦ અને રૂા.૧૫,૦૦૦ની રકમનો વધારો ટીમની પસંદગીની સખાવતી સંસ્થાને દાન તરીકે આપવામાં આવશે.

આ સમારંભના મુખ્ય મહેમાન શ્રી હેમંત કુલકર્ણી – પ્લાન્ટ હેડ – નેનો કાર પ્લાન્ટ, ટાટા મોટર્સ લીમીટેડ એ જણાવ્યું હતું કે " હું આશા રાખુ છું કે સૌથી ચતુર ટીમ વિજેતા બને અને સુંદરતાની ઉજવણી કરે ( ઢીક્ષીઌદ્વિ ’રી દ્વીર્જદ્વીહીજ્જ)"

અમદાવાદ શહેરના ટાટા ક્રૂસીબલ બિઝનેસ ક્વીઝ ૨૦૧૩ના પ્રાદેશિક રાઉન્ડમાં કેટલીક અગ્રણી કંપનીઓ સહીત ૬૦ ટીમો સામેલ થઈ હતી. આ સ્પર્ધા માટે લેખિત રાઉન્ડ પછી ટોચની ૬ ટીમોને પસંદ કરવામાં આવી હતી. ટોચની ૬ ટીમોમાં સમાવેશ પામનાર અન્ય ૪ ટીમોમાં ભારતી એરટેલ ના આકીબ અલ હુસૈન તથા પારૂલ અગ્રવાલ, એન્ડેવર કેરીયર્સ ના મેઘાશ્યામ શીરોડકર અને કુશન પટેલ, ઈન્ડુસા ઈન્ફોટેક ના અમોલ ગુપ્તા તથા રોશન રાવલ, પેટ્રોનેટ એલએનજી ના મોહીત રાજરાના તથા મુકેશ અગ્રવાલ નો સમાવેશ થતો હતો.